| | | | | |
|---|---|---|---|---|
| | અરજી દાખલ થયા તા. | ૧૨ . ૦૬ .૨૦૨૬ | | |
| | અરજી રજીસ્ટરે નોંધ્યા તા. | ૧૨ . ૦૬ .૨૦૨૬ | | |
| | અરજી ફેસલ કર્યા તા. | ૧૭. ૦૬ .૨૦૨૬ | | |
| | સમયગાળો | દિ. | મા. | વર્ષ |
| | | | | |

**ક્રિમિનલ પરચુરણ અરજી નં. ૪૭૭/૨૬**
**આંક–**

## જુનાગઢના સેશન્સ જજશ્રીની કોર્ટમાં.મુ. જુનાગઢ .

**અરજદાર:–**

કલ્યાણગીરી ગુરૂશ્રી મહાદેવગીરી
ઉર્ફે કેતનભાઇ દીલીપભાઇ સીધ્ધપરા
ઉ.વ.૩૪, ધંધો–સેવાપુજા
રહે. કેરાળા, શ્રીધામ સન્યાસ આશ્રમ,
હાલ. જિલ્લા જેલ, જુનાગઢ.

**o વિરૂધ્ધ o**

**સામાવાળા :–ધી સ્ટેટ ઓફ ગુજરાત**

| | | |
|---|---|---|
| **અરજદાર/આરોપી તરફે વિધ્વાન વકીલ શ્રી** | : | **જે.આર.જોશી** |
| **સામાવાળા શ્રી સરકાર તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી** | : | **વી.જી.દોંગા** |

**વિષય : –** ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.

## // ઠરાવ //

**(૧) ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત :–**

**૧.૧** આ કામમાં જે એફ.આઇ.આર. રજુ છે તેમાં કોલમ નં.૧૨ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે

'' તે એવી રીતે કે, આ કામના એસ.બી.આઈ વડાલ શાખા, ગામ વડાલ તા.જી.જૂનાગઢના એકાઉન્ટ નં. ૪૧૪૭૩૭૬૮૬૪ ૮ નો ધારક કલ્યાણગીરી રહે.કેરાળા જુનાગઢ મો.નં.૮૮૪૯૦૨૨૨૬૩ તથા ૨ આઈ.ડી. એફ.સી ફસ્ટ બેંક દોલતપરા બ્રાંન્ચ, જૂનાગઢના એકાઉન્ટ નં.૧૦૧૧૪૬૯૯૫૬૨ વાળાનો ધારક કલ્યાણગીરી રહે. કેરાળા, જૂનાગઢ તથા ૩ આઈ.ડી.એફ.સી ફસ્ટ બેંક દોલતપરા બ્રાંચ, જૂનાગઢના એકાઉન્ટ નં.૧૦૧૪૧૪૫૫૧૧૪નો ધારક શ્રી બાલક્રિષ્નાગીરીબાપુ ગૌ સેવા ટ્રસ્ટ કેરાળા, જૂનાગઢ જે એકાઉન્ટમાં મોબાઈલ નંબર ૯૮૯૮૮૭૬૩૭૨ છે, તેમજ ઈ મેઈલ આઈ.ડી કલ્યાણગીરી ૫૬૭૨@૫૬૭૨@જીમેઈલ. કોમ એડ કરેલા છે. જે ઉપરોકત એકાઉન્ટ ધારક કલ્યાણગીરી રહે.કેરાળા જુનાગઢ વાળાએ આ બેંક એકાઉન્ટમાં સાયબર ફ્રોડના રૂપિયા જમા થતા હોવાનુ જાણવા છતા અલગ અલગ માધ્યમથી સાયબર ફ્રોડથી મેળવેલ રૂ.૪૦,૭૬,૩૮૦/- જે એકાઉન્ટ ધારક પોતે અથવા તેની સાથે સંડોવાયેલ ઈસમોએ બદદાનતથી મેળવી પોતાના આર્થિક ફાયદા સારૂ વિડ્રો ટ્રાન્સફર કરી સગેવગે કરી ગુનો કર્યા બાબત.''

**૧.૨** ઉપરોકત હકીકત બાબતે જુનાગઢ તાલુકા પો.સ્ટે. ગુના રજી. નં. ૧૧૨૦૩૦૨૫૨૫૦૯૦૩/૨૫ થી બી.એન.એસ.ની કલમ-૩૧૭(૨), ૩૧૭(૪) તથા આઇ.ટી. એકટની કલમ-૬૬-ડી મુજબનો ગુનો રજીસ્ટર થયેલ છે અને આરોપી તે ગુના સંદર્ભે જયુડીશ્યલ કસ્ટડીમાં હોવાથી હાલની જામીન અરજી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ ની કલમ-૪૮૩ મુજબની કરવામાં આવેલ છે.

## (૨) જામીન અરજીની હકીકત :

આરોપી તર્ફે જામીન અરજીમાં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''**૨.૧** આ કામમાં હાલની અમોની આ પ્રથમ જામીન અરજી છે.

**૨.૨** આ કામમાં ચાર્જશીટ ફાઈલ થઈ ગયેલ છે અને કેસ પણ કમીટ થઈ જતા આપ નામ. સાહેબની કોર્ટમાં સેસન્સ કેસ પેન્ડીંગ છે. જેના સેસન્સ કેસ નંબર- ૨૩/૨૦૨૬ છે.

**૨.3** આ કામ ચલાવવાની સતા આપ સાહેબને હોય જેથી હાલની આ જામીન

અરજી આપ સાહેબની કોર્ટમાં કરવા ફરજ પડેલ છે.

**૨.૪** આ કામમાં સમગ્ર બનાવ ધ્યાને લેવામાં આવે તો આ કામનો બનાવ તા.૦૭/૧૧/૨૦૨૪ થી તા.૧૫/૧૨/૨૦૨૫ સુધી બનેલા બનાવની ફરીયાદ તા.૧૫/૧૨/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે એટલે કે હાલની ફરીયાદ આશરે એક વર્ષ અને એક મહીના બાદ કરવામાં આવેલ છે.

**૨.૫** આ કામમાં ફરીયાદી પોતે જાતે પોલીસ અધીકારી છે અને ફરીયાદી સાથે કોઈ ફ્રોડ થયેલ હોય કે તેનો ચોરી અંગેનો કોઈ મુદામાલ અમોએ લીધેલ હોય તેવુ બનેલ નથી.

**૨.૬** આ કામમાં અમો અરજદારના એકાઉન્ટમાં કોઈ ફ્રોડની રકમ જમા થયેલ હોય અને અમોએ તે રકમ ઉપાડેલ હોય તેવુ સમગ્ર તપાસમાં કયાંય ખુલવા પામેલ નથી.

**૨.૭** આ કામમાં સમગ્ર તપાસ પુર્ણ થઈ ગયેલ હોય અને તપાસમાં કયાંય અમો અરજદારે બી.એન.એસ.કે આઈ.ટી. એકટની કલમ મુજબનો કોઈ ગુન્હો કરેલ હોય તેવુ સાબીત થતુ નથી.

**૨.૮** આ કામમાં સમગ્ર બનાવમાં પોલીસે લગાડેલી કલમ બી.એન.એસ.ની કલમ–૩૧૭(૨) તથા ૩૧૭(૪) એટલે કે આઈ.પી.સી.ની કલમ–૪૧૧ તથા ૪૧૩ જેમાં બી.એન.એસ.ની કલમ–૩૧૭(૪) સેશન્સ ટ્રાયેબલ છે. હવે બી.એન.એસ.ની કલમ–૩૧૭(૪) ની વ્યાખ્યા તે સ્પષ્ટ કરે છે કે " જયારે કલમ–૩૧૭ નો મુખ્ય ભાગ લુટ, ચોરી, છેતરપીંડીથી મળેલી મીલ્કત રાખનારને સજાની જોગવાઈ ત્રણ વર્ષથી આજીવન કેદ સુધી થઈ શકે છે." આવી વ્યાખ્યા છે અને આ કામમાં અમોએ કોઈ ચોરીનો મુદામાલ મેળવેલ હોય તેવુ બનેલ નથી.

**૨.૯** આ કામમાં પોર્ટલ ઉપર ફરીયાદ કરવામાં આવેલ છે તેવા કોઈ ફરીયાદીને અમો આજદિન સુધી મળેલા નથી.

**૨.૧૦** આ કામમાં બનાવ અને ફરીયાદ વચ્ચે ખુબજ લાંબો સમય થઈ ગયેલ હોય જેથી કોઈપણ પુરાવા વગર આ કામે અમો ફરીયાદીની અટક કરવામાં આવેલ છે અને આ કામમાં જે લોકોએ એકાઉન્ટમાં પૈસા નખાવેલ છે તેવા કોઈ વ્યકિતને અમો ઓળખતા નથી કે તેની સાથે અમોએ કોઈ વ્યવહાર પણ કરેલ નથી કે અમારા કોઈ એકાઉન્ટમાં ફ્રોડની રકમ જમા થયેલ નથી.

**૨.૧૧** આ કામમાં અમો અરજદારની અટક દરમ્યાન કે રીમાન્ડ દરમ્યાન

કોઈપણ પ્રકારનો મુદામાલ કબ્જે કરવામાં આવેલ નથી.

**૨.૧૨** આ કામમાં અન્ય એક આરોપી પરેશ નવનીતભાઈ રાઠોડનાઓએ ફો.પ.અ.નં.૨૨૩/૨૦૨૬ થી આપ સાહેબની કોર્ટમાં જામીન અરજી કરતા તે જામીન અરજી આપ સાહેબે નામંજુર કરતા તેઓને નામ. ગુજરાત હાઈકોર્ટ ધ્વારા તેના ફો.પ.અ.નં.૮૯૩૦/૨૦૨૬ થી જામીન મુકત કરવામાં આવેલ હોય ત્યારે નામ.ગુજરાત હાઈકોર્ટના જસ્ટીશ એ.એસ.દવે સાહેબના ફો.પ.અ.નં. ૧૪૭૫/૨૦૧૧ ના સીમીલર રોલના સિધ્ધાંતોને ધ્યાને લઈએ તો પણ અમો અરજદારને જામીન મુકત કરવા યોગ્ય અને ન્યાયોચીત છે.

**૨.૧૩** અમો અરજદાર જુનાગઢ તાલુકાના કેરાળા ગામના શ્રીધામ આશ્રમમાં સેવા પુજા કરીએ છીએ અને કયાંય નાસી કે ભાગી જઈએ તેવા માણસ નથી અને નામ. કોર્ટમાં નિયમત રીતે હાજર રહી શકીએ તેવા માણસ છીએ અને આ કામ ચલાવવાની સતા આપ નામ. સાહેબને હોય અને આ કામ ચાલતા ઘણો લાંબો સમય લાગે તેમ છે અને આ કામમાં સંપુર્ણ તપાસ પુર્ણ થઈ ગયેલ હોય જેથી નામદાર સુપ્રીમ કોર્ટના સંજયચંદ્રા વિ. સી.બી.આઈ. ના જજમેન્ટ તથા ગુડી કાન્તી વિ. સ્ટેટ ના સિધ્ધાંતોને ધ્યાને લઈ પ્રી ટ્રાયલ કન્વીકશન ન થાય તેમજ "Bail is rules Jail is Expection" ના સિધ્ધાંતને ધ્યાને રાખી અમો અરજદારને જામીન મુકત કરવામાં આવે તો નામદાર કોર્ટ ફરમાવે તેટલી શરતોનું પાલન કરવા તેમજ નામદાર કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા તૈયાર અને ખુશી છીએ.’’

**(૩) ત.ક.અમલદારનું સોગંદનામુ :–** તપાસ કરનાર અમલદારે આંક–૬ થી સોગંદનામુ રજુ કરેલ છે તેમાં પેરા–૩૬ વિશેષ વિગતમાં બનાવ કઇ રીતે બન્યો વગેરેની વિગત રજુ કરેલી છે અને તે નીચે મુજબ છે.

''**૩.૧** આ કામેના ગુનાની તપાસ દરમ્યાન જણાય આવેલ છે કે આ કામના આરોપી કલ્યાણગીરીના ખાતામા કુલ રૂ.૪૦,૭૬,૩૮૦/– ચાલીસ લાખ છોતેર હજાર ત્રણસો એસી જેવી માતબર રકમ સાયબર ફ્રોડથી મેળવી તે રૂપીયા સગેવગે કરેલ હોય અને આંગડીયા કરેલા હોય જે બાબતે અરજદાર આરોપીએ જણાવેલ ન હોય જે જોતા અરજદાર આરોપીએ તેના મળતીયા મારફતે રૂપીયા પોતાની પાસે જ રાખેલ હોવાની વાત નકારી શકાય તેમ ન હોય અને આરોપીને

જામીન મુક્ત કરવામાં આવશે તો સાચબર ફ્રોડથી આવેલા રૂપીયા તપાસ દરમ્યાન ખુલે તે આરોપીઓ સાથે મળીને કોઇને આપી દેશે અથવા તો સંતાડી દેશે જેથી અરજદાર આરોપીને જામીન મુક્ત નહી કરવા અમારો અભિપ્રાય થાય છે.

**3.૨** આ કામના અરજદાર આરોપીએ સાયબર ફ્રોડની ગુનાહીત પ્રવૃતી કરતા ઇસમોને ખાતાઓ આપતો હોય અને સાયબર ફ્રોડની ગુનાહીત પ્રવૃતીઓમાં સંડોવાયેલ હોય અને ખાતામાં આવતા રૂપીયા પોતે રોકડા ઉપાડીને પોતે આંગડીયા મારફતે મંગાવેલ હોય પરંતુ કોને આપેલ તે હકીકત જણાવેલ ન હોય જે દીશામાં તપાસ કરવી જરૂરી હોય જેથી અરજદાર આરોપીને જામીન મુક્ત કરવામાં આવશે તો આંગડીયા મારફતે રૂપીયા મેળવેલ ઇસમોને જાણ કરી દેશે અને પુરાવાઓ સાથે છેડાઓ કરશે જેથી અરજદાર આરોપીને જામીન મુક્ત નહી કરવા અમારો અભિપ્રાય થાય છે.

**3.3** આ કામના આરોપીએ પોતાના નિવેદનમાં જણાવેલ છે કે પોતાએ પોતાના ખાતાની માહીતી આરોપી પરેશ નવનીતલાલ રાઠોડને આપેલ હતી જે આરોપી પરેશ નવનીતલાલ રાઠોડને ગુનાના કામે અટક કરવામા આવેલ છે તેમજ આરોપી પરેશ નવનીતલાલ રાઠોડએ સદરી ખાતાઓની પકડવાના બાકી આરોપી વિપુલ ગોડકીયાને આપેલ હોય જે વીપુલ ગોડકીયાને ગુનાના કામે પકડવાનો બાકી હોય અને અરજદાર આરોપીને જામીન મુક્ત કરવામાં આવશે તો તેની સાથે ગુનામા સંડોવાયેલા અન્ય આરોપીઓને ભગાડી દેશે જેથી અરજદાર આરોપીને જામીન મુક્ત નહી કરવા અમારો અભિપ્રાય થાય છે.

**3.૪** જે ઉપરોક્ત મુદ્દાઓ તથા હકીકત ધ્યાને લઇ અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન મુક્ત નહી કરવા અમારો સ્પષ્ટ અભીપ્રાય છે.''તેમ જણાવેલ છે.

## (૪) અરજદાર/ આરોપીના વિધ્વાન વકીલશ્રી ની દલીલ :–

**૪.૧** અરજદાર/આરોપીના વિધ્વાન વકીલશ્રીએ દલીલોમાં જામીન અરજીની હકીકતોને મોટા ભાગે પુનરાવર્તન કરેલ છે અને વધુમાં દલીલ કરેલ છે કે, આરોપીની પ્રથમદર્શનીય સંડોવણી આ ગુનામાં થતી નથી જેથી બેઇલ નો જેલનો સિધ્ધાંત લક્ષમાં લઇ આરોપીને જામીન ઉપર મુકત કરવા દલીલ કરેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે, હાલના આરોપી આ કેસમાં સંડોવાયેલા હોય તેવો

એકપણ પ્રથમ દર્શનીય પુરાવો તપાસ એજન્સીએ રજુ કરેલ નથી તેથી આરોપીને જામીન ઉપર મુકત કરવા માટે દલીલ કરેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે, હાલના ગુનાના કામે તપાસ એજન્સીએ ગુનાની તપાસ પુર્ણ કરી નામ. કોર્ટમાં ચાર્જશીટ રજુ કરી દીધેલ હોય અને હવે વધુ કોઇ તપાસ બાકી રહેતી ન હોય તેથી આરોપીને જામીન મુકત કરવા દલીલ કરેલ છે. વધુમાં દલીલ કરેલ છે કે, આ કામના અન્ય આરોપીને નામ. વડી અદાલતે જામીન મુકત કરેલ છે ત્યારે હાલના અરજદાર/આરોપીને પેરીટીનો લાભ આપી જામીન મુકત કરવા દલીલ કરેલ છે.

## (૫) વિધ્વાન એ.પી.પી. શ્રીની દલીલો :–

**૫.૧** વિધ્વાન એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, હાલના અરજદારનો એકટીવ રોલ પ્રથમ દર્શનીય રીતે પુરવાર થાય છે તેથી જામીન અરજી નામંજુર કરવા દલીલ કરેલ છે.

## (૬) જામીન અરજી નિર્ણિત કરવાના કારણો :

**:૧:** અદાલતે કોઈપણ જામીન અરજીનો નિર્ણય કરતી વખતે આરોપી સામેનો પ્રથમદર્શનીય કેસ, ગુનાની ગંભીરતા, આરોપી સામેના ગુના અંગે ની સજાની જોગવાઈ, આરોપીનો પૂર્વ ગુનાકિય ઈતિહાસ, આરોપી ટ્રાયલ સમયે હાજર રહેશે કે કેમ? આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો સમાજ ઉપર પડનારી અસર અને તેની સાથે સાથે આરોપીની વ્યકિતગત સ્વતંત્રતાને લક્ષમાં રાખી જામીન અરજીનો નિર્ણય કરવાનો હોય છે.

**:૨:** આ કામમાં આરોપી સામે જુનાગઢ તાલુકા પો.સ્ટે. ગુના રજી. નં. ૧૧૨૦૩૦૨૫૨૫૦૯૦૩/૨૫ થી બી.એન.એસ.ની કલમ–૩૧૭(૨), ૩૧૭(૪) તથા આઇ.ટી. એકટની કલમ–૬૬–ડી મુજબનો ગુનો રજીસ્ટર્ડ થયેલ છે.

**:૩:** આ કામમાં એફ.આઇ.આર.ના પેરા–૧૨ માં નીચે મુજબની હકીકત આવે છે.

''તે એવી રીતે કે, આ કામના એસ.બી.આઈ વડાલ શાખા, ગામ વડાલ તા.જી.જૂનાગઢના એકાઉન્ટ નં. ૪૧૪૭૩૭૬૮૬૪ ૮ નો ધારક કલ્યાણગીરી રહે.કેરાળા

જુનાગઢ મો.નં.૮૮૪૯૦૨૨૨૬૩ તથા ૨ આઈ.ડી. એફ.સી ફસ્ટ બેંક દોલતપરા બ્રાંન્ચ, જૂનાગઢના એકાઉન્ટ નં.૧૦૧૧૪૬૯૯૫૬૨ વાળાનો ધારક કલ્યાણગીરી રહે. કેરાળા, જૂનાગઢ તથા ૩ આઈ.ડી.એફ.સી ફસ્ટ બેંક દોલતપરા બ્રાંચ, જૂનાગઢના એકાઉન્ટ નં.૧૦૧૪૧૪૫૫૧૧૪નો ધારક શ્રી બાલક્રિષ્નાગીરીબાપુ ગૌ સેવા ટ્રસ્ટ કેરાળા, જૂનાગઢ જે એકાઉન્ટમાં મોબાઇલ નંબર ૯૮૯૮૮૭૬૩૭૨ છે, તેમજ ઈ મેઈલ આઈ.ડી કલ્યાણગીરી ૫૬૭૨@૫૬૭૨@જીમેઈલ. કોમ એડ કરેલા છે. જે ઉપરોકત એકાઉન્ટ ધારક કલ્યાણગીરી રહે.કેરાળા જુનાગઢ વાળાએ આ બેંક એકાઉન્ટમાં સાયબર ફ્રોડના રૂપિયા જમા થતા હોવાનુ જાણવા છતા અલગ અલગ માધ્યમથી સાયબર ફ્રોડથી મેળવેલ રૂા.૪૦,૭૬,૩૮૦/- જે એકાઉન્ટ ધારક પોતે અથવા તેની સાથે સંડોવાયેલ ઈસમોએ બદદાનતથી મેળવી પોતાના આર્થિક ફાયદા સારૂ વિડ્રો ટ્રાન્સફર કરી સગેવગે કરી ગુનો કર્યા બાબત.''

:૪: આમ, ઉપરોકત પેરા-૧૨ માં રૂા. ૪૦,૭૬,૩૮૦/- ની વિગત હાલના આરોપી સામે જણાવેલી છે અને તેજ બાબતે સોગંદનામામાં એવી હકીકત જણાવેલી છે કે,

''આ કામે હકીકત એવી છે કે,આ કામના એસ.બી.આઈ વડાલ શાખા, ગામ-વડાલ તા.જી.જૂનાગઢના એકાઉન્ટ નં. 41473768648 નો ધારક કલ્યાણગીરી રહે.કેરાળા જુનાગઢ મો.નં.૮૮૪૯૦૨૨૨૬૩ તથા (૨) આઈ.ડી.એફ.સી ફસ્ટ બેંક દોલતપરા બ્રાંચ, જૂનાગઢના એકાઉન્ટ નં.10114699562 વાળાનો ધારક કલ્યાણગીરી રહે. કેરાળા, જૂનાગઢ તથા (૩) આઈ.ડી.એફ.સી ફસ્ટ બેંક દોલતપરા બ્રાંચ, જૂનાગઢના એકાઉન્ટ નં.10141455114 નો ધારકશ્રી બાલક્રિષ્નાગીરીબાપુ ગૌ સેવા ટ્રસ્ટ કેરાળા, જૂનાગઢ જે એકાઉન્ટમાં મોબાઇલ નંબર ૯૮૯૮૮૭૬૩૭૨ છે, તેમજ ઈ-મેઈલ આઈ.ડી kalyangiri56572@gmail.com એડ કરેલા છે. જે ઉપરોકત એકાઉન્ટ ધારક કલ્યાણગીરી રહે.કેરાળા જુનાગઢ વાળાએ આ બેંક એકાઉન્ટમાં સાયબર ફ્રોડના રૂપિયા જમા થતા હોવાનુ જાણવા છતા અલગ-અલગ માધ્યમથી સાયબર ફ્રોડથી મેળવેલ રૂા.૪૦,૭૬,૩૮૦/-જે એકાઉન્ટ ધારક પોતે અથવા તેની સાથે સંડોવાયેલ ઈસમોએ બદદાનતથી મેળવી પોતાના આર્થિક ફાયદા સારૂ વિડ્રો/ટ્રાંસફર કરી સગેવગે કરી ગુન્હો કર્યા બાબત.

આ કામની તપાસ દરમ્યાન આ કામના આરોપી કલ્યાણગીરી ગુરૂશ્રી મહાદેવગીરી ઉર્ફે કેતનભાઈ સ/ઓ દીલીપભાઈ સવજીભાઈ સીદપરા જાતે પટેલ ઉ.વ.૩૪ ધંધો.સેવાપુજા રહે.કેરાળા, શ્રી ધામસન્યાસ આશ્રમ તા.જી.જુનાગઢ મૂળ રહે. સાવરકુંડલા, નેસડી રોડ સર્વોદયનગર વજલપસ વાળાને તા.૧૬/૧૨/૨૦૨૫ ના કલાક.૧૩/૪૫ વાગ્યે ધોરણસર અટક કરવામા આવેલ છે. આ કામે આરોપીની પુછ પરછ કરતા પોતે જણાવેલ કે પોતાના શ્રી બાલકૃષ્ણગીરીબાપુ ગૌ સેવા ટ્રસ્ટ નું આઈ.ડી.એફ.સી. બેંક દોલતપરા શાખાના એકાઉન્ટ **નં.૧૦૧૪૧૪૫૫૧૧૪મા કુલ ૭ વ્યક્તિઓ સાથે કુલ રોકડ રકમ રૂપીયા રૂ.૪૦,૭૬,૩૮૦/- નુ ફ્રોડ કરી મેળવેલ હોય અને આરોપીએ આ તમામ રૂપીયા પોતાના એકાઉન્ટમાં જમા થયા બાદ તરતજ પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી રોકડા ઉપાડી આંગણીયાથી અલગ અલગ**

**વ્યક્તિઓને મોકલેલ હોય અને પોતાએ પોતાના બેંક એકાઉન્ટની માહીતી પરેશ નવનીતભાઈ રાઠોડ રહે,સુરત વાળાને આપેલાનું જણાવેલ.**

**આ કામના અરજદાર આરોપીના આઈ.ડી.એફ.સી ફસ્ટ બેંક દોલતપરા બ્રાંચ, એકાઉન્ટ નં.10114699562 મા એક્લોઝમેન્ટ નંબર 22911240087657 તથા 23212240067282 ના રૂ.૧,૩૪,૧૯૦/- જમા થયેલ છે તેમજ એક્લોઝમેન્ટ નંબર 23101250012106 ના ૭,૮૮,૦૦૦/- જમા થયેલ છે. તેમજ આરોપી હસ્તકાના બાલક્રિષ્નાગીરીબાપુ ગૌ સેવા ટ્રસ્ટ કેરાળાના આઈ.ડી.એફ.સી ફસ્ટ બેંક દોલતપરા બ્રાંચ, એકાઉન્ટ નં.10141455114 ખાતામા એકલોઝમેન્ટ નં. 31601250006601 તથા 32901250004256 તથા 21901250009404 ના રૂ.૭,૦૦,૦૦૦/- આવેલા છે તેમજ એકલોઝમેન્ટ નં. 23101250012106 ના ૬,૦૦,૦૦૦/- જમા થયેલા છે તેમજ એકલોઝમેન્ટ નં. 30802250010951 ના રૂ.૫,૨૦,૦૦૦/- જમા થયેલા છે.**

આ કામેના ગુનાની તપાસ દરમ્યાન જણાઇ આવેલ છે કે આ કામના આરોપી કાલ્યાણગીરીના ખાતામા કુલ રૂ.૪૦,૭૬,૩૮૦/- ચાલીસ લાખ છોતેર હજાર ત્રણસો એસી જેવી માતબર રકમ સાયબર ફ્રોડથી મેળવી તે રૂપીયા સગેવગે કરેલ હોય અને આંગણીયા કરેલા હોય જે બાબતે અરજદાર આરોપીએ જણાવેલ ન હોય જે જોતા અરજદાર આરોપીએ તેના મળતીયા મારફતે રૂપીયા પોતાની પાસે જ રાખેલ હોવાની વાત નકારી શકાય તેમ ન હોય અને આરોપીને જામીન મુક્ત કરવામાં આવશે તો સાચબર ફ્રોર્ડથી આવેલા રૂપીયા તપાસ દરમ્યાન ખુલે તે આરોપીઓ સાથે મળીને કોઇને આપી દેશે અથવા તો સંતાડી દેશે જેથી અરજદાર આરોપીને જામીન મુક્ત નહી કરવા અમારો અભિપ્રાય થાય છે.''

**:૫:** આમ, તપાસ કરનાર અમલદારે જણાવેલ છે કે, હાલના આરોપી કલ્યાણગીરીએ રૂા. ૪૦,૭૬,૩૮૦/- સાયબર ફ્રોડથી મેળવી સગેવગે કરી અને આંગડીયા કરેલા છે. આ કામમાં નામ. વડી અદાલતે આરોપી પરેશ નવનીતભાઇ રાઠોડની જામીન અરજી મંજુર કરેલ છે અને તેમાં નામ. વડી અદાલતે એવુ નોંધેલ છે કે, આરોપી પરેશભાઇએ રૂા. ૩૪ હજારની રકમ કમીશન પેટે મેળવ્યાનો આક્ષેપ છે. જયારે, હાલના કેસમાં હાલના આરોપીના ખાતામાં તપાસ કરનાર અમલદારના સોગંદનામા મુજબ રૂા. ૪૦,૭૬,૩૮૦/- ની રકમ મેળવેલ છે અને જે રકમ આ રીતના ફ્રોડથી મેળવેલ છે.

**:૬:** વધુમાં, હાલના આરોપી સાધુ છે અને સંસ્કાર લેવા માટે આમજનતા આવા સાધુઓની શરણે જાય છે અને હાલના સાધુની એટલે કે, આરોપીની પ્રથમ દર્શનીય સંડોવણી હાલના કેસમાં પ્રસ્થાપિત થાય છે.

**:૭:** ગુનાની ગંભીરતા, ગુનો કરનાર કોણ છે તેનાથી પણ નીશ્ચીત થતી હોય છે અને હાલના કેસમાં હાલના અરજદાર પોતે સાધુ છે, જયારે નામ. વડી

અદાલતે જામીન ઉપર મુકત કરેલ પરેશભાઈ સાધુ ન હતા. વધુમાં, પરેશભાઈના કેસમાં આટલી મોટી રકમ તેમના ખાતામાં જમા થઈ હોય તેવો કેસ ન હતો અને તે સંજોગોમાં પરેશભાઈની પેરીટીનો લાભ હાલના અરજદાર/આરોપીને મળી શકે તેમ નથી અને જયારે હાલના આરોપી/અરજદારની પ્રથમ દર્શનીય સંડોવણી હાલના કેસમાં પુરવાર થાય છે. આ જ કેસમાં એટલે કે, સેશન્સ કેસ નં. ૨૩/૨૦૨૬ માં હાલના આરોપી સામે ચાર્જ પણ ફ્રેમ થઈ ગયેલ છે તે સંજોગોમાં જો હાલના આરોપીને કે જે સાધુ છે અને સાધુ સામાન્ય રીતે સંસ્કાર આપવાનું કામ કરતા હોય છે અને તેવા સાધુ–અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો, તેની અસર સમગ્ર સમાજ ઉપર વિપરીત રીતે પડે તેમ છે અને વધુમાં જુનાગઢ જિલ્લામાં ઘણા બધા સાધુઓ છે અને આવા અરજદાર/આરોપીના પ્રથમ દર્શનીય કૃત્યથી અન્ય સાધુઓ પ્રત્યેની શ્રધ્ધા પણ ધાર્મીક આસ્થા ધરાવતા લોકોની ઘટે તે શકયતા નકારી ન શકાય તે સંજોગોમાં અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયીક જણાતુ ન હોય નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## : : હુકમ : :

(૧) અરજદાર/આરોપી કલ્યાણગીરી ગુરૂશ્રી મહાદેવગીરી ઉર્ફે કેતનભાઈ દિલીપભાઈ સિધ્ધપરા, રહે.કેરાળા, શ્રીધામ સન્યાસ આશ્રમ નાઓની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબની જામીન અરજી આથી ''નામંજુર'' કરવામાં આવે છે.

હુકમ આજ તા. ૧૭મી, માહે–જુન, સને–૨૦૨૬ ના રોજ વાંચી સંભળાવી, સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

તા. ૧૭ – ૦૬ – ૨૦૨૬
સ્થળ : જુનાગઢ.

**(ભુપેન્દ્રકુમાર જી.દવે)**
સેશન્સ જજ,
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ જુનાગઢ
(કોડ નં.જીજે૦૦૪૬૯)